# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં ડ્રગ્સના દૂષણને ડામવા માટે સરકારી ટોલ ફ્રી નંબરનો ઉપયોગ કરવા લોકોને અપીલ કરી
- રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું... છેલ્લા બાર કલાકમાં 69 તાલુકાઓમાં વરસાદ વરસ્યો..
- ભારે પૂર અને વરસાદ બાદ પોરબંદરમાં તંત્ર દ્વારા ગંદકી દૂર કરવાની કામગીરી શરૂ કરાઇ
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ડાંગના સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલ - મેઘ મલ્હાર પર્વનો પ્રારંભ કરાવશે.
- પેરિસમાં ઓલેમ્પિકમાં મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં મનુ ભાકરે કાંસ્ય ચંદ્રક જીત્યો.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. મન કી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો લહેરાવવાની તક આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા દેશવાસીઓને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ 'harghartiranga.com' પર તિરંગાની સાથે પોતાની સેલ્ફી જરૂર અપલોડ કરવા પણ અનુરોધ કર્યો હતો.

**(BYTE – 28 07 2024 PM MANN KI BAAT (HAR GHAR TIRANGA)**

પ્રધાનમંત્રીએ માદક પદાર્થના દૂષણની વાત કરતાં કહ્યું કે, આવા પદાર્થો સામેની લડાઈમાં સરકારે શરૂ કરેલી માનસ સેવા અંતર્ગત એક ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. જેના પર કૉલ કરીને કોઈ પણ આવશ્યક સલાહ લઈ શકે છે.

**(BYTE – 28 07 2024 PM MANN KI BAAT – DRUGS)**

------------------

## STATE - MANN KI BAAT

મન કી બાત કાર્યક્રમને સાંભળવા માટે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ આયોજન કરાયું હતું..

જે અંતર્ગત બોટાદ જિલ્લાના પાળીયાદ ખાતેની વીસામણબાપુ ની જગ્યા ખાતે મંદિરના મહંત મહામંડલેશ્વર નિર્મળા બા દ્વારા મહિલાઓ માટે મન કી બાત કાર્યક્રમ સાંભળવાનું આયોજન કરાયું હતું,

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ગાંધી પરા સ્થિત કમ્યુનિટી હોલ ખાતે વિશેષ કાર્યક્મ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોએ કાર્યક્રમને સાંભળ્યો હતો..

પાટણના સિધ્ધપુરમાં નગરપાલિકા પ્રમુખ અનિતા પટેલના ઘરે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત કાર્યકર્તાઓ સાથે "મન કી બાત" કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા..

--------

## WEATHER WARNING -RAIN

રાજ્યમાં વરસાદનું જોર ધીમેધીમે ઓસરી રહ્યું છે.. ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી સેન્ટર દ્વારા આજે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીના જાહેર કરાયેલા આંકડા અનુસાર 69 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સાબરકાંઠા વિજયનગરમાં 23 મિલીમિટર, નવસારીના વાસંદામાં 22 મિલીમીટર વરસાદ નોંધાયો હતો.

આવતીકાલે રાજયના ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહિસાગર અને છોટાઉદેપુરમાં તેમજ દક્ષિણ ગુજરાતના નર્મદા  તાપીમાં  ભારેથી અતિભારે વરસાદની આગાહી કરીને ઓરેન્જ

એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા તેમજ અમદાવાદ સહિતના જીલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરીને યલો એલર્ટ જાહેર કર્યું છે...

------------------

## PORBANDAR SAFAI

પોરબંદરમાં સાંઢીયા ગટરની સફાઈ તથા ગંદકીના નિકાલની કામગીરી પૂરજોશમાં હાથ ધરાઇ છે. જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને નગરપાલિકાની ટીમ દ્વારા લોકોના આરોગ્ય ન જોખમાય તે માટે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું છે.

પોરબંદરમાં અતિ ભારે વરસાદના કારણે શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયા હતા, હાલ મેઘરાજાએ વિરામ લીધો છે. તંત્ર દ્વારા શહેરમાંથી પાણીના નિકાલની કામગીરી માટે પંપ મૂકવામાં આવ્યા છે. લોકોનું આરોગ્ય જોખમાય નહીં તે માટે આરોગ્યતંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પોરબંદરના નીચાણવાળા વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . .

## SURAT MRUTAK SAHAY

પાણીના વહેણમાં તણાઇ ગયેલા માંડવી તાલુકાના બે વ્યક્તિઓના મોત નીપજ્યા છે. આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કુંવરજી હળપતિના હસ્તે મૃતકોના પરિવારને ૪-૪ લાખ રૂપિયાના ચેક અર્પણ કરવામાં આવ્યા.

માંડવી તાલુકાના બે યુવકો પરેશ ચૌધરી તથા અજીત ચૌધરી હર્ષદ હરસિધ્ધી માતાના મંદિર પાસે મોરણખાડી પર ડેમના હેઠવાસમાં પાણીના વહેણમાં તણાઈ ગયા હતા. ઉપરોક્ત મૃતકોના વારસદારોને રાજ્ય સરકારના એસડીઆરએફ ફંડમાંથી સહાય ચૂકવવામાં આવી હતી..

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

# MEGH MALHAR UTSAV

સાપુતારામાં આવતીકાલથી મોન્સૂન ફેસ્ટિવલ મેઘ મલ્હારનો પ્રારંભ થશે. એક મહિના સુધી ચાલનારા આ કાર્યક્રમનો આરંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

કરશે..સાપુતારાના વિખ્યાત અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર એવા સર્પગંગા તળાવ પાસે વિશાળ આરપાર દેખાય તેવો ડોમ તૈયાર કરવામાં આવ્યો છે.. વરસતા વરસાદનો આંનદ માણતા ડોમમાં બેસીને પ્રવાસીઓ કાર્યક્રમને નિહાળી શકશે.. આ કાર્યક્રમ અંતર્ગત ગિરિમથક ખાતે આવતા પ્રવાસીઓ એક મહિના સુધી વિવિધ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ માણી શકશે..આ ઉપરાંત મુખ્યમંત્રી દ્વારા ડાંગ જિલ્લાના અન્ય પ્રવાસન સ્થળોએ વિકાસ કામોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ હાથ ધરવામાં આવશે. મેઘમલ્હાર કાર્યક્રમ વિશે માહિતી આપે છે,,રાજ્ય પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર....

(બાઈટ : એસ. છાકછુઆક, કમિશનર અને મેનેજિંગ ડિરેક્ટર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ)

-----------------------

## PURAK PARIKSHA PARINAM

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી એસએસસી, સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર થશે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિકના ધોરમ બાર વિજ્ઞાન પ્રવાહ, સમાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી  પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર થશે.પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલે બપોરે બાર વાગે બોર્ડની વેબસાઇટ પર જાહેર થશે

------------------

# REV.-OLYMPIC-MANU-BHAKER-BRONZE

પેરિસ ઓલિમ્પિકના બીજા દિવસે ભારતીય મહિલા શૂટિંગ ખેલાડી મનુ ભાકરે મહિલાઓની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતી ઇતિહાસ રચ્યો છે. મનુ ભાકર શૂટિંગમાં ભારતને ચંદ્રક અપાવનારાં પહેલાં મહિલા ખેલાડી બન્યાં છે. તેમણે 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં 221.7 પૉઈન્ટની સાથે શૂટિંગમાં ભારતને 12 વર્ષ બાદ ચંદ્રક અપાવ્યો છે. આ પહેલા રમિતા જિંદલે મહિલાઓની 10 મીટર એર રાઈફલ્સની ફાઈનલમાં જગ્યા બનાવી હતી..

મહિલા તિરંદાજીમાં દિપીકા કુમારી, અંકિતા ભકત અને ભજન કૌરની ત્રિપુટી આજે ક્વાર્ટર ફાઈનલ રમશે. બેડમિન્ટનમાં 2 વખતનાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતા પી.વી. સિંધુએ ફાતિમાથને પહેલા તબક્કામાં 21–9, 21–6થી હરાવ્યાં છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચંદ્રક જીતવા બદલ મનુ ભાકરને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, મનુ ભાકર પર દેશને ગર્વ છે. તેમની આ જીત અનેક ખેલાડીઓ અને ખાસ કરીને મહિલાઓને પ્રેરણા પૂરી પાડશે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, મનુ ભાકર ઓલિમ્પિકમાં તિરંગો લહેરાવવાની ઇચ્છા ધરાવતી મહિલાઓ માટે  પ્રેરણા બન્યાં છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત માટે આ એક ઐતિહાસિક ચંદ્રક છે. મનુ ભાકરની આ સફળતા ઘણી મહત્વની છે.

------------------

## SNR KHOKHO

ધાંગધ્રા ખાતે સુરેન્દ્રનગર જિલ્લા શાળાકીય ખો ખો સ્પર્ધા 2024 યોજાઈ હતી..જિલ્લામાંથી સાત ટીમોએ અન્ડર 14માં ભાગ લીધો હતો. અન્ડર 17માં 5 ટીમ તથા અંડર 19માં પાંચ ટીમ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.. આમંત્રિતો દ્વારા ટોસ વિધિ કરી શાળાકીય જિલ્લાની સ્પર્ધાને ખુલ્લી મુકવામાં આવી, અને તેમના દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહન મળે એ અંતર્ગત શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

-------------

## JAMNAGAR-CPR TRAINING

જામનગર જિલ્લા હોમગાર્ડઝના ૨૦૦ થી વધુ હોમગાર્ડના જવાનોને રેસ્કયુ., સીપીઆર., ડિઝાસ્ટર અંગેની તાલીમ આપવામાં આવી હતી.. રાહત કમિશનરની કચેરી., મહેસુલ ભવન., ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ઈન્ટરનેશનલ રેસ્કયુ ટ્રેનર ત્રિલોકકુમાર ઠાકર તથા પ્રાથમિક સારવાર ટ્રેનર શુભમ શાહ અને તેઓની ટીમ દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી..

વિવિધ પધ્ધતિઓ દ્વારા જીવન રક્ષક સાબિત થાય તેવી કામગીરી બજાવવાની આ હોમગાર્ડ જવાનોનો તાલીમ અપાઇ હતી..

-----------------------

## HEMAAL DEMOLITION

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે વહીવટી તંત્ર દ્વારા રસ્તા પરના દબાણો દૂર કરાયાં હતાં.. અમરેલી જીલ્લા તંત્ર અને ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.. અગાઉ નોટીસો પાઠવવા છતાં દબાણ દૂર થયા ન હતા. સાવરકુંડલા ડિવિઝનના પોલીસ સ્ટાફના પૂરતા બંદોબસ્ત વચ્ચે નેશનલ હાઇવે પર નડતર રૂપ દબાણો તંત્ર દ્વારા જેસીબી વડે તોડી પડાયાં હતાં..

------------------

## RAILWAY WORK VISITS

અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસના કામો, સીપીઓએચ વર્કશોપ અને રનિંગ રૂમ વટવાનું રેલવે બોર્ડના સભ્યો દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું.

રેલવે બોર્ડના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિભાગના અનિલ કુમાર ખંડેલવાલે અમદાવાદ મંડળની મુલાકાત લીધી હતી. આ દરમિયાન અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસના કામની પ્રગતિની સમીક્ષા કરી હતી. ઝડપથી કામગીરી પૂર્ણ કરવા માટેની અધિકારીઓને સૂચના પણ અપાઇ હતી.

------------------

## SHAKTISINGH MORBI

રાજ્યસભા સાંસદ અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ આજે મોરબીની મુલાકાતે હતા. તેમની આ મુલાકાત દરમિયાન તેમણે શહેરમાં નવા બની રહેલા મુખ્યમંત્રી આવાસ યોજનાના સ્થળની મુલાકાત લીધી હતી.

શક્તિસિંહ ગોહિલે સર્કીટ હાઉસ ખાતે મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં વરસાદને કારણે અનેક વિસ્તારમાં મુશ્કેલી પડી રહી છે. સોમવારે સંસદમાં આ મુદે તેઓ ચર્ચા કરશે..

------------------